પરિવર્તનના સંદેશવાળા પૂર્ણ થતાં યાદગાર વર્ષને અલવિદા

જાન્યુઆરી

- સચિવાલય સંકુલમાં ૧૫૦ સી.સી.ટી.વી. કેમારા લગાવાયા
- સાબરમતી હાફ મેરેથોનમાં છવાયા ગાંધીનગરના રનર્સ
- આર.ટી.ઓ. કચેરી ગાંધીનગરમાં પ્રથમવાર મહિલા ઈન્સ્પેકટરની નિયુક્તિ
- ગાંધીનગરમાંથી કરોડોનું દૂધ કૌભાંડ ઝડપાયું

ગાંધીનગરમાં મેટ્રો ટ્રેનનું સ્વપ્ન રોળાઇ ગયું

૧૯મી એ ૨૦૧૪માં મૌસમની સૌથી વધુ ઠંડી

ઇનોવેટીવ આઇડિયા આપનાર જિલ્લાના પાંચ બાળકોનું અબ્દુલ કલામના હસ્તે સન્માન

- ગાંધીનગરના બે યુવાનોને મોડાસા પાસે કાળ ભરખી ગયો
- ગાંધીનગરમાં મેટ્રો ટ્રેનનું સ્વપ્ન રોળાઇ ગયું
- બિરસા મુંડા ભવનમાં કર્મચારીનું ૧૧.૬૦ કરોડનું કૌભાંડ
- ૧૯મી એ ૨૦૧૪માં મૌસમની સૌથી વધુ ઠંડી
- નમોની 'ચા' ગોઠડીનો ગાંધીનગરથી પ્રારંભ
- બેંક એ.ટી.એમ. તિજોરીઓ ચોરતી ગેંગનો ગાંધીનગર પોલીસે પર્દાફાશ કર્યો
- ગાંધીનગરમાં આઠ લાખના મોબાઇલની ચોરીનો ભેદ ઉકેલાયો
- કોબા ખાતે નવનિર્મિત ભાજપ કાર્યાલયનો મંગલ પ્રારંભ
- શુભ-લાભ આવાસ યોજના અન્વયે ૧૧૨૦ લાભાર્થીઓને મકાનની ફાળવણી કરાઇ

શુભ-લાભ આવાસ યોજના અન્વયે ૧૧૨૦ લાભાર્થીઓને મકાનની ફાળવણી કરાઇ

સ્વર્ણિમ સંકુલ-૨નું ઉદ્ઘાટન

કોબા ખાતે નવનિર્મિત ભાજપ કાર્યાલયનો મંગલ પ્રારંભ

- ગાંધીનગર જિલ્લામાં એક વર્ષમાં ૭૦ હજાર નવા મતદારો ઉમેરાયા
- વિશિષ્ટ કામગીરી બદલ પી.આઇ. પી.સી. વાલેરાને રાષ્ટ્રપતિ મેડલ

ફેબ્રુઆરી

- ગાંધીનગરના ત્રણ યુવાનોની અમદાવાદ સાયકલોથોનમાં જવલંત સફળતા
- સ્વર્ણિમ સંકુલ-૨નું ઉદ્ઘાટન

ગાંધીનગરના પાદરે કેજરીવાલને અટકાવાયા : ભારે હોબાળો.

આડવાણીની ગાંધીનગર બેઠક પર ઉમેદવારી

- ગાંધીનગરના કવિ હર્ષદ ત્રિવેદીને કવિશ્વર દલપત રામ એવોર્ડ
- ઇનોવેટીવ આઇડિયા આપનાર જિલ્લાના પાંચ બાળકોનું અબ્દુલ કલામના હસ્તે સન્માન
- ગાંધીનગરમાં પ્રથમવાર શતાવધાન પ્રયોગ

માર્ચ

- ગાંધીનગર મેડિકલ કૉલેજના ઓડિટોરિયમનું લોકાર્પણ
- ગાંધીનગરના પાદરે કેજરીવાલને અટકાવાયા : ભારે હોબાળો.

- ધોળાકુવાની કિશોરીની કરપીણ હત્યા
- ધૂળેટી પર્વે નદીમાં ન્હાવા પડેલા આઠ યુવાનો ડુબ્યા - ચારના મોત

ચિલોડા પાસેથી ૧૧ હજાર કિલો ચંદન પકડાયું

ગાંધીનગરના મતદારોમાં ભારે ઉત્સાહ

ગાંધીનગરમાં ભર ઉનાળે ચોમાસાનો માહોલ

- સે-૩૦માં ધોળે દિવસે ટોળકીએ ઘરમાં ઘૂસી બે લાખની લૂંટ કરી
- અક્ષરધામમાં મોક ડ્રીલ યોજાઇ
- ઓમ ઇમિગ્રેશન દ્વારા વિઝા આપવાના બહાને ૧ કરોડની ઠગાઇ

એપ્રિલ

- ચિલોડા ખાતે સો મીલમાં ભીષણ આગ

● અનુસંધાન પાન-૭ પર

વુમન પાવર - દેશની બે શક્તિશાળી મહિલાઓનું સસ્મિત મિલન... આઈ.સી.આઈ.સી.આઈ. બેંકના સી.એમ.ડી. સુશ્રી ચંદા કોચરે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી તે પ્રસંગની તસવીર

ટાઉનહોલ અને લાયબ્રેરીનો ૧૩મી સુધી બિનસરકારી ઉપયોગ બંધ

૧ જાન્યુઆરીથી જિલ્લા પુસ્તકાલય પણ બંધ રહેશે

વાઈબ્રન્ટ એકઝીબીશનને ધ્યાને લઈ નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા.૩૦

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ની ઉજવણી અન્વયે ધમાકેદાર તૈયારીઓ ચાલી રહી છે. ઐતિહાસિક સમિટના આડે હવે માત્ર અઠવાડીયું જ રહ્યું હોવાથી તંત્ર ઉંધા માથે કામે લાગ્યું છે. વાઈબ્રન્ટ દરમિયાન હેલીપેડ તેમજ ટાઉનહોલ સામેના મેદાનમાં પણ ભવ્ય એકસ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. જેના લીધે આ વિસ્તારમાં સ્થિત ટાઉનહોલ અને લાયબ્રેરીનો ઉપયોગ પણ બંધ કરી દેવાશે. અલબત્ત તા. ૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન પુસ્તકાલયને પણ આમ નાગરિકો માટે તાળુ મારી દેવાશે.

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫માં દેશ વિદેશના પ્રધાનમંત્રી ઉપરાંત અન્ય વી.વી.આઈ.પી. મહાનુભાવો પણ હાજરી આપશે. પીડીપીયુ ખાતે યોજાનારી સી.ઈ.ઓ કોન્ક્લેવમાં પણ વિશ્વની શ્રેષ્ઠ કંપનીના એમ.ડી. હાજરી આપવાના છે. આ દરમિયાન પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી અન્વયે પણ દેશના વિવિધ ૧૫ રાજયોમાંથી મુખ્યમંત્રીઓ પણ ગાંધીનગરના મહેમાન બનવાના છે. આ દરમિયાન તા. ૭ થી ૧૩ જાન્યુઆરીમાં મહાનુભાવોની અવર જવરના લીધે સમગ્ર શહેરનો ટ્રાફિક સિનારીયો પણ બદલાશે. વીવીઆઈપીના દબદબાના પગલે નગરના મુખ્યમાર્ગો પણ અમુક સમય દરમિયાન સામાન્ય નાગરિકોની અવર જવર માટે બંધ કરી દેવાશે. આ ઉપરાંત વાઈબ્રન્ટ એકઝીબીશનને અનુલક્ષી ટાઉનહોલ તેમજ જિલ્લા પુસ્તકાલયને પણ આમ નાગરિકો માટે બંધ કરી દેવાશે. તા. ૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન ટાઉનહોલ તેમજ લાયબ્રેરીનો ઉપયોગ થઈ શકશે નહીં. ટાઉનહોલ અને લાયબ્રેરી પ્રદર્શન સ્થળ નજીક હોવાથી આ નિર્ણય લેવાયો હોવાનું ધ્યાને આવ્યું છે.

સ્વર્ણિમ પાર્કની બાજુમાં સ્થિત કંગાળ આવાસોને રંગરોગાન થશે

મહાત્મા મંદિર તરફ જવાના રૂટમાં આવતા સે-૧૬ના નિકાલ હેઠળના મકાનોને કલર કરાશે

ગાંધીનગર, તા.૩૦

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવનાર છે. સમિટને અનુલક્ષી મહાત્મા મંદિરના વિસ્તારમાં બ્યુટીફીકેશન કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન સ્વર્ણિમ પાર્કને અડીને ઉભેલા સે-૧૬ના સરકારી આવાસો તદ્દન કંગાળ હાલતમાં છે નિકાલ હેઠળના આવાસોનો સમયસર નિકાલ ન થતા આખરે તંત્ર દ્વારા જે મકાનો તોડી પાડવાના છે તેને પણ કલરકામ કરવાનો વારો આવ્યો છે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાના મામલે એક દાયકા બાદ નિર્ણય લેવાયો છે. જેના પરીણામે હાલ સેકટરોમાં ભયજનક આવાસો અસ્તિત્વ ધરાવે છે. હાલ સે-૩૦માં નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ ચાલી રહ્યું છે. જયારે સે-૧૬માં પણ નિકાલ હેઠળનો એક બ્લોક તોડી નાંખવામાં આવ્યો છે. મહાત્મા મંદિરમાં વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું હોવાથી આ વિસ્તારમાં પુરતી સુવિધા ઉપરાંત જરુરી બ્યુટીફીકેશન માટેના કામો પણ હાથ ધરવામાં આવ્યા છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જયારે વાઈબ્રન્ટ દરમિયાન પાર્ક સહીત આસપાસના વિસ્તારની રોનક નિખરે તે માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ વિસ્તારમાં પાર્કની એક બાજુ સે-૧૬માં સ્થિત નિકાલ હેઠળના સરકારી મકાનો કંગાળ ભાસી રહ્યા છે. વાઈબ્રન્ટ દરમિયાન આવાસો લૂકની દૃષ્ટિએ ખરાબ ન લાગે તે માટે તંત્ર દ્વારા આવા જોખમી મકાનોને પણ કલરકામ કરવામાં આવશે.

નેશનલ ટ્રાફીક ટેકનોલોજી સમીટનું આયોજન કરાયું

દેશ વિદેશની પ્રતિષ્ઠિત ઓર્ગેનાઈઝેશન્સ તથા કંપનીઓ તથા વિષય નિષ્ણાંતો સમિટમાં ભાગ લેશે

ગાંધીનગર, તા.૩૦

સ્થળાંતર તથા શહેરીકરણને પગલે ગુજરાતમાં ટ્રાફીકની સમસ્યા જટીલ બનતી જાયછે હાલના તબક્કે દર વર્ષે અંદાજે સવા લાખ લોકોનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થતા ૮ લાખ જેટલા લોકો માર્ગ અકસ્માતમાં વિકલાંગ બને છે. ભવિષ્યમાં ટ્રાફીકની સમસ્યા હજુ ચિંતાજનક બને તેવી વકી છે. જેને પહોંચી વળવા માટે ગુજરાત પોલીસ અને ગૃહ વિભાગ દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ના ભાગરૂપે ૨જી જાન્યુઆરીએ વાય.એમ.સી.એ. ઈન્ટરનેશનલ સેન્ટર અમદાવાદ ખાતે 'નેશનલ ટ્રાફીક ટેકનોલોજી સમીટ'નું આયોજન કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન

શ્રી કુબેરભાઈ એમ. ડીંડોર

અધ્યક્ષ, ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ

પંચમહાલ જિલ્લાના યુવાન અને ઉત્સાહી એવા તલોદમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ફરજ બજાવતા પ્રોફેસર શ્રી કુબેરભાઈ એમ. ડીંડોરને માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમાં અધ્યક્ષપદે વરણી કરતાં અમો હર્ષ અને ગૌરવની લાગણી સાથે ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ... આપને સોંપવામાં આવેલી આ જવાબદારીમાં આપ સફળતા અને પ્રગતિના સોપાનો સર કરો તેવી શુભેચ્છા... આ નિમણુંક માટે આપની પસંદગી કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ તથા પ્રદેશ પ્રમુખશ્રી આર. સી. ફળદુ સાહેબનો અમો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ...

શુભેચ્છકો

કાળુભાઈ એસ. ડામોર - પ્રમુખ
બળવંતભાઈ ઝેડ. પટેલીયા - મહામંત્રી
મંજીભાઈ ડામોર - મહામંત્રી
મહિસાગર આદિજાતિ મોરચો, પંચમહાલ
તથા
સંતરામપૂર તથાકડણા તાલુકાની ગ્રામ પંચાયતોના સરપંચો તથા હોદ્દેદારશ્રીઓ

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

બેસણું

અમારા પિતાશ્રી **વાઘેલા દશરથસિંહ બળદેવસિંહ (રીટાયર્ડ એલ.આઈ.સી.)** તા. ૨૭/૧૨/૨૦૧૪ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્ગતનું બેસણું/સુતક તા. ૧/૧/૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે૧૦-૦૦ થી ૪-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ચાંદાભાનો વાસ, મુ. પીંપળજ (જુના), તા.જી. ગાંધીનગર

લી.
વાઘેલા હિંમતસિંહ દશરથસિંહ (લાલભાઈ)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com